# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

1) દિલ્હીનાં મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ શપથ લીધાં.

2) ઉત્તરાખંડ રાજ્ય મંત્રીમંડળે લોકોને અમર્યાદિત જમીન ખરીદવા પર પ્રતિબંધ મૂકતા જમીન કાયદાને મંજૂરી આપી.

3) મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં ઔરંગાબાદ ઇન્ડસ્ટ્રિયલ સિટીને દેશના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર તરીકે વિકસાવાશે.

4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખને ચેતવણી આપતા કહ્યું કે, રશિયા સાથે શાંતિ કરાર યુક્રેન વિના પણ થઈ શકે છે.

5) આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ.

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# DAY-DELHI-CM-OATH PAGE-1

ભારતીય જનતા પાર્ટીનાં નેતા રેખા ગુપ્તાએ આજે દિલ્હીના રામલીલા મેદાનમાં દિલ્હીનાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં. દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે. સક્સેનાએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા.

ગઈકાલે દિલ્હી ભાજપની બેઠકમાં મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાનાં નામની જાહેરાત કરવામાં આવી હતી. તેઓ ગઈકાલે રાજ નિવાસ ખાતે ઉપરાજ્યપાલ વી.કે. સક્સેનાને મળ્યાં હતાં અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. ઉપરાજ્યપાલે તેમનો દાવો સ્વીકાર્યો અને તેમને સરકાર બનાવવા આમંત્રણ આપ્યું હતું.

શ્રીમતી ગુપ્તાએ સોશિયલ મીડિયા સંદેશમાં પાર્ટીનો આભાર વ્યક્ત કર્યો તેમણે દિલ્હીના લોકોના કલ્યાણ અને વિકાસ માટે સંપૂર્ણ પ્રામાણિકતા, અને સમર્પણ સાથે કામ કરવાનું વચન આપ્યું.

**(BYTE: S.B.RAKHA GUPTA)**

શ્રીમતી ગુપ્તાએ તાજેતરમાં યોજાયેલી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાલીમાર બાગ બેઠક જીતી હતી. તેમણે વર્ષ 1992માં દિલ્હી યુનિવર્સિટીના દૌલતરામ કોલેજમાંથી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા પોતાની રાજકીય સફર શરૂ કરી હતી. તેઓ દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘનાં પ્રમુખ અને ભાજપ મહિલા મોરચા દિલ્હીનાં મહાસચિવ પણ રહી ચૂક્યાં છે.

આજના શપથગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના નેતાઓએ હાજરી આપી હતી

# DELHI-MINISTER

દિલ્હીની નવી સરકારમાં 6 કેબિનેટ મંત્રીઓ હશે. આમાં પ્રવેશ સાહિબ સિંહ, આશિષ સૂદ, મનજિંદર સિંહ સિરસા, રવિન્દર ઈન્દ્રરાજ સિંહ, કપિલ મિશ્રા અને પંકજ કુમાર સિંહનો સમાવેશ થાય છે.

દિલ્હીના મંત્રી તરીકે શપથ લેતા પહેલા મીડિયા સાથે વાત કરતા, ભાજપના નેતા કપિલ મિશ્રાએ આજના દિવસને  ઐતિહાસિક દિવસ ગણાવ્યો હતો.

## (બાઇટ: કપિલ મિશ્રા)

મનજિન્દર સિંહ સિરસાએ આ તક માટે પાર્ટી નેતૃત્વનો આભાર માન્યો. અને ભાજપ સરકાર ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરશે તેમ જણાવ્યું ..

## (બાઇટ - મનજિંદર સિંહ સિરસા)

# VIJENDER-GUPTA-DELHI-SPEAKER

ભારતીય જનતા પાર્ટીના નેતા અને રોહિણીના ધારાસભ્ય વિજેન્દ્ર ગુપ્તા દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ તરીકે શપથ લેશે.

તેમણે રોહિણી વિધાનસભા મતવિસ્તારમાંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રદીપ મિત્તલને 37 હજારથી વધુ મતોથી હરાવી જીત મેળવી હતી. પત્રકારો સાથે વાત કરતા, શ્રી ગુપ્તાએ દિલ્હી વિધાનસભાના અધ્યક્ષની જવાબદારી સોંપવા બદલ પાર્ટીનો આભાર માન્યો હતો.

# REV. UTTRAKHAND LAND

ઉત્તરાખંડ રાજ્ય મંત્રીમંડળે લોકોને અમર્યાદિત જમીન ખરીદવા પર પ્રતિબંધ મૂકતા જમીન કાયદાને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેબિનેટના નિર્ણય પછી મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, કેબિનેટે રાજ્યના લોકોની લાંબા સમયથી ચાલી આવતી માંગ અને તેમની લાગણીઓને માન આપીને આ કાયદાને મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે, આ ઐતિહાસિક પગલું રાજ્યના સંસાધનો, સાંસ્કૃતિક વારસો અને નાગરિકોના અધિકારોનું રક્ષણ કરશે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર લોકોના હિતોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

જોકે, આ કાયદાથી રાજ્યના 2 મેદાની જિલ્લાઓ, હરિદ્વાર અને ઉધમ સિંહ નગરમાં જમીનના વ્યવહારો પર કોઈ નિયંત્રણો લાદવામાં આવશે નહીં. આ કાયદા હેઠળ હવે જિલ્લા મેજિસ્ટ્રેટને જમીન ખરીદી માટે વ્યક્તિગત રીતે પરવાનગી આપવાની સત્તા રહેશે નહીં, આ સત્તા રાજ્ય સરકારને સોંપવામાં આવી છે. સરકારને આશા છે કે, આ નિર્ણય અનિયંત્રિત જમીન ખરીદીને અસરકારક રીતે નિયંત્રિત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GOYAL-MAHARASHTRA

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં ઔરંગાબાદ ઇન્ડસ્ટ્રિયલ સિટી- AURICને દેશના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર તરીકે વિકસાવવાની યોજનાની જાહેરાત કરી છે, જે મરાઠવાડાને ઔદ્યોગિક વિકાસનું મુખ્ય કેન્દ્ર બનાવશે.

આજે છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારો સાથે વાત કરતા, શ્રી ગોયલે AURIC સિટી ખાતે ઉદ્યોગસાહસિકો સાથેની તેમની ચર્ચા અંગે જણાવતા કહ્યું કે, શહેરની માળખાગત સુવિધાઓને વધારવા માટે લગભગ 7 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે, જેમાં કામદારો અને રહેવાસીઓ માટે રહેણાંક વિસ્તારો, હોસ્પિટલો અને યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, એક કૌશલ્ય વિકાસ કેન્દ્ર અને સ્ટાર્ટ-અપ ઇન્ક્યુબેશન હબની પણ  સ્થાપના કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ઔરંગાબાદ ઇન્ડસ્ટ્રીયલ સિટી મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર નજીક 10 હજાર એકર વિસ્તારમાં ફેલાયેલું ગ્રીનફિલ્ડ ઇન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી છે. જે દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર પ્રોજેક્ટનો એક ભાગ છે, જે દિલ્હી અને મુંબઈ વચ્ચે 6 રાજ્યોમાં ફેલાયેલા ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ કરવાની યોજના ધરાવે છે.

# ARUNACHAL-STATEHOOD-DAY

અરુણાચલ પ્રદેશ આજે તેનો 39મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. મુખ્ય કાર્યક્રમ રાજધાની ઇટાનગરના આઇજી પાર્ક ખાતે યોજાશે. નિવૃત્ત રાજ્યપાલ કેટી પરનાયક આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હશે. મુખ્યમંત્રી પેમા ખાંડુ અને કેન્દ્રીય સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

20 ફેબ્રુઆરી, 1987 ના રોજ અરુણાચલ પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ દિવસ નિમિત્તે અરુણાચલ પ્રદેશ અને મિઝોરમના લોકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, બંને રાજ્યો ખૂબ જ સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવે છે. તેમણે આશા વ્યક્ત કરી કે, લોકો તેમના અસાધારણ કુદરતી વારસા અને સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરશે. રાષ્ટ્રપતિ મુર્મુએ આશા વ્યક્ત કરી કે, બંને રાજ્યોના લોકો પ્રગતિ અને શ્રેષ્ઠતાના નવા અધ્યાય લખશે.

# TRUMP-ZELENSKY

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને ચેતવણી આપતા કહ્યું કે ત્રણ વર્ષ જૂના યુદ્ધનો અંત લાવવા માટે રશિયા સાથે શાંતિ કરાર યુક્રેન વિના પણ થઈ શકે છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આ વાત કહી હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ ફરિયાદ કરી હતી કે યુક્રેન રિયાધમાં અમેરિકા અને રશિયન રાજદ્વારીઓ વચ્ચેની વાટાઘાટોનો ભાગ નથી અને યુક્રેન તેની ભાગીદારી વિના થયેલા કોઈપણ શાંતિ કરારને સ્વીકારશે નહીં, ત્યારબાદ અમેરિકા તરફથી આ ચેતવણી આપવામાં આવી છે.

ઝેલેન્સકીએ કિવમાં પત્રકારોને કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પને સાચી માહિતીની જાણ નથી ત્યારબાદ બંને ટોચના નેતાઓ વચ્ચે તણાવ ત્યારે વધુ વધી ગયો છે. અગાઉ, શ્રી ટ્રમ્પે યુક્રેન પર યુદ્ધ શરૂ કરવાનો આરોપ લગાવ્યો હતો.

મંગળવારે, રશિયન વિદેશ મંત્રી સેરગેઈ લવરોવ અને અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળોએ યુદ્ધનો અંત લાવવા પર લાંબી ચર્ચા કરી. અમેરિકી વિદેશ મંત્રી એ કહ્યું કે રશિયા યુદ્ધ ઝડપથી સમાપ્ત કરવા માટે તૈયાર છે. શ્રી લાવરોવે આ વાટાઘાટોને ઉપયોગી ગણાવી.

# WPL CRICKET

વડોદરામાં મહિલા ક્રિકેટ મેચમાં ગઈકાલે દિલ્હી કેપિટલ્સે, યુપી વોરિયર્સને 7 વિકેટ હરાવ્યું.

વડોદરાનાં કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસી જીતીનને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી.

યુપી વોરિયર્સ પ્રથમ બેટીંગ કરતાં 20 ઓવરમાં 166 રન બનાવ્યાં હતા. દિલ્હી કેપીટલ્સે 1 બોલ બાકી હતો ત્યારે જીતનો લક્ષ્યાંક હાંસલ કરતાં તેનો વિજય થયો હતો. દિલ્હી કેપિટલ્સની એનાબેલ સધરલેન્ડને પ્લેયર ઓફ ધ મેચ પુરસ્કાર અપાયો હતો.

આ જીત સાથે દિલ્હીની ટીમ પોઈન્ટ ટેબલ પર બીજા સ્થાને પહોંચી હતી.

# GUJARAT BUDGET

ગુજરાતનું બજેટ આજે વિધાનસભામાં રાજ્યના નાણા મંત્રી કનુ દેસાઇએ રજૂ કરી રહ્યાં છે. રાજ્યું બજેટ ત્રણ લાખ 70 હજાર 250 કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું છે..ગતવ વર્ષની સરખામણીએ બજેટમાં 17 ટકાનો વધાર કરાયો છે. નાણામંત્રીએ બજેટના ભાષણમાં કહ્યું હતું કે વર્ષ ૨030 સુધીમાં દેશના જી ડી પી માં ગુજરાતનું યોગદાન ૮.૩ ટકાથી ૧૦ ટકા સુધી લઈ જવાનો સરકારનો લક્ષ્યાંક છે.

(બાઇટ- કનુ દેસાઇ ,નાણામંત્રી , ગુજરાત)

# ICC-CHAMPIONS-TROPHY

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. દુબઈ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચ બપોરે 2.30વાગ્યે શરૂ થશે. રોહિત શર્મા મેચની કપ્તાની કરશે.

દરમિયાન, ગઇકાલે ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચ માં ન્યુઝીલેન્ડે પાકિસ્તાનને 60 રનથી હાર આપી હતી.